# જ્ઞાતિમૈયા

**જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર**

ઈ-મેગેઝીન • વર્ષ : ૧ • અંક : ૪૩ • તા. ૦૬ એપ્રિલ થી ૧૨ એપ્રિલ ૨૦૧૯

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir,
Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.




Shree Samast KDO Jain Mahajan | www.kdosamastmahajan.org

ઘમંડ ના કરવો ક્યારેય
પોતાના ભાગ્ય પર,
ક્યારેક એક કાંકરી પણ
મોંઢામાં ગયેલ કોળિયાને
બહાર કઢાવી શકે છે.

– અજ્ઞાત




નીશિથ આનંદ દંડ

Sure Safety®
Complete Safety Solutions
PPE Training Consulting & Services



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

**નીશિથ આનંદ દંડ**
**જયંત વસનજી છેડા**
**રાજેન્દ્ર મણીલાલ ખોના**
**લક્ષ્મીચંદ લાલજી પોલડીયા**
**પ્રવીણ હંસરાજ લોડાયા**
**તીલોકચંદ નરશી દંડ**
**કિર્તીકુમાર ધનજી ધરમશી**



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.
**Tel. 9769991922**
**9833406124**

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**
www.kdosamastamahajan.org
Email :
gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/ મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


# અમારી વાત...

## સંપાદક સ્થાનેથી

# વિશ્વાસ એ વ્યવહારનો શ્વાસ છે.

''વિશ્વાસે વહાણ ચાલે.'' એ ઉકિત બહુ પ્રસિદ્ધ છે અને વિશ્વાસ એટલે કે ભરોસાને માન્ય ઠરાવે છે. ભરોસો એ બહુ મોટી વસ્તુ છે. ભરોસો અને વિશ્વાસ બંન્ને એક સિક્કાની બે બાજુ છે. કોઈપણ ઉપર આપણે ભરોસો મૂકી દઈએ એટલે આપણા મન મસ્તિકનો ભાર એ વ્યવહાર પર મૂકી દઈએ છીએ. તો જેની ઉપર વિશ્વાસ રાખીએ છીએ તેની ઉપર આપણા શ્વાસ-આપણું સમગ્ર જીવન ધરી દઈએ છીએ.

યકીન, એતબાર કે ભરોસો તે વિશ્વાસ આપણે કોના પર કરીએ છીએ. જે આપણા બહુ જ નજીકના હોય જેની ઉપર આપણને પ્રેમ હોય, હેત હોય લાગણી હોય સામે વળી વ્યક્તિ સાથે વિશ્વાસનો સંબંધ બંધાતા વાર લાગે છે. પણ વિશ્વાસ ભંગ થતા જરાય વાર લાગતી નથી. દગો, ભરોસો ભંગ કે વિશ્વાસનું તૂટવું એ વ્યક્તિ સાથેના વ્યવહારને તોડી દે છે અને સંબંધથી પણ દૂર કરી દે છે.

વિશ્વાસ એટલે આબરૂની કસોટી, વટનો સવાલ અને પ્રતિષ્ઠા દાવ પર લાગવી. આને માટે એક દ્રષ્ટાંત કથા પણ જોડી શકાય. રાજદરબારમાં નગર શેઠએ પોતાના વચન પર વિશ્વાસ મૂકવા રાજાને ઘણી વિનંતી કરી પણ તેની આજીજી માન્ય ન થઈ ત્યારે પોતાની મુછનો વાળ તોડી રાજાના હાથમાં મૂકીને કહ્યું કે ''આ અમૂલ્ય જણસ અમારા વચનપૂર્તિની અમાનત છે. જે પૂરી થયા બાદ પરત કરજો.'' આ વિશ્વાસ ભરોસો અને વટનો સવાલ એ વાતની સાબિતી છે કે પુરૂષોના ચહેરા પર સુંદરતા બક્ષતી મુછ એ વટ અને વિશ્વાસનું પ્રતિક પણ છે. જે માન્યતા યુગોથી જળવાતી રહી છે. ભલે આ યુગમાં હવે વિશ્વાસ કરતાં અવિશ્વાસના પ્રસંગો જ વધુ ઘડાય છે. તો પણ સબળતાથી અપાતું વચન, દ્રઢતાથી અપાતો ભરોસો એ વ્યક્તિના વ્યવહારની મૂડી છે.

વ્યક્તિના વાત પર વિશ્વાસ મૂકતાં મૂકી દઈએ પણ સામેનો વ્યક્તિ કેવો છે? તેનું ચારિત્ર્ય કેવું છે? તેનો સ્વભાવ, તેનું વલણ વિગેરે આપણને માટે શંકા પેદા કરે છે. કોઈને વચનથી આપેલ વિશ્વાસ તૂટે નહીંએ જોવાની આપણી ફરજ છે. વેપાર ધંધામાં, સ્કૂલ કોલેજમાં મિત્રો સાથેના વ્યવહારમાં સગાસ્નેહી સ્વજનો સાથે કોલ, કરાર કે વાણીથી આપેલ વચનએ વિશ્વાસની મુદ્રા છે. મહોર-સિક્કો છે જે આપણે સામે વાળા પાસે ગીરવી રાખ્યો છે. આપણો સંબંધ વ્યવહારની પૂર્તિ થાય એટલે વિશ્વાસ રૂપી આપણું નાણું આપણી અનામત રાખેલ મહોર-મુદ્રા આપણી પાસે પરત આવી જાય છે અને આમ વ્યવહારમાં આપણી શાખ શિખરે પહોંચે છે. આમ વિશ્વાસને લીધે વ્યવહારનો શ્વાસ ધબકે છે.

- જય જ્ઞાતિમૈયા

# શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાળ જૈન મહાજન દ્વારા ‘મહાજને જો મેડાવો’

શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન દ્વારા નલિયા મધ્યે યોજાયેલ ચતુર્થ જ્ઞાતિ સંમેલનમાં સર્વાનુમતે વિવિધ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટો શરૂ કરવાનો સંકલ્પ કરાયો. જેના અનુસંધાને જ્ઞાતિજનોને અપાયેલ વચન માટે શું પૂર્તતા થઈ એની રીવ્યુ મિટીંગ માટે તા.૧૬ અને ૧૭ માર્ચ શનિવારે વીએલવીજી ઘાટકોપર મધ્યે વિવિધ કમિટીઓની લેવાઈ. જેમાં સૌ કમિટીએ પોતપોતાના પ્રોજેક્ટના રીવ્યુ દ્વારા પ્રગતિનો અહેવાલ રજૂ કર્યો હતો.

આ રીવ્યુને આગળ વધારતા એક ભવ્ય મિલન મેડાવો તા.૧૪ એપ્રિલ ૨૦૧૯ રવિવારના મહાજને જો મેડાવો અંતર્ગત રામજી અંદરજી વાડી, ચંદાવરકર લેન, માટુંગા(પૂર્વ) સે.રે. મધ્યે સવારે ૧૦ કલાકથી આયોજિત કરાયો છે. મેડાવાના વિધિસર સમય આયોજિત પ્રમાણે સવારના ૧૦ થી ૧૨ સમસ્ત મહાજન મહાસમિતિની માત્ર સભ્યો માટેની મિટીંગ, બપોરે ૧૨ થી ૨ ભોજન વિરામ. બપોરે ૨ થી ૨.૩૦ જનરલ સેક્રેટરી દ્વારા મહાજન પ્રતિનિધિઓને આવકાર અને ચતુર્થ સંમેલનનો વિસ્તૃત અહેવાલ વાંચન, ૩ થી ૩.૩૦ મેડિકલ સપોર્ટ સ્કીમ સંજીવનીનું લોન્ચીંગ મેડિકલ કમિટી દ્વારા, બપોરે ૩.૩૦ થી ૪. દિવ્યાંગ સપોર્ટ સ્કીમ માઈનોરિટી કમિટી દ્વારા, બપોરે ૪ થી ૪.૩૦ હાઈ ટી બ્રેક સાંજે ૪.૩૦ થી ૫ સિનીયર સિટીઝનો માટે સ્વાભિમાન યોજના, સાંજે ૫ થી ૫.૩૦ એજ્યુકેશન અપલિફ્ટીંગ સ્કીમ ઉડાનનું લોન્ચીંગ, ૫.૩૦ થી ૬ યુવા માટેનો પ્રોગ્રામ, સાંજે ૬ થી ૬.૩૦ નારી શક્તિ વિઝન પ્રોગ્રામ, ૬.૩૦ થી ૬.૪૫ મિડીયા અને પ્રસારણ સમિતિ, ૬.૪૫ થી ૭ જીવદયા અને આવાસ યોજના વિશે, સાંજે ૭ થી ૭.૩૦ વિવિધ કમિટીઓ પાસેથી વિગત સમજ, સાંજે ૭.૩૦ થી ૮ સુધી સમસ્ત મહાજન સેક્રેટરી જનરલ દ્વારા નિર્ણયાત્મક વિચારો માર્ગદર્શન અને આભારદર્શન અને રાતે ૮ કલાકે રાત્રિ ભોજન.

મહાજને જો મેડાવામાં શ્રેષ્ઠીવર્યો એકમ અને મહાજનોના પ્રમુખ મંત્રીઓ, મહાસમિતિ સભ્યો, સમસ્ત મહાજનોની વિવિધ કમિટીઓના સભ્યો આ મેડાવામાં હાજર રહી વિવિધ પ્રોજેક્ટોના ભવ્ય લોન્ચીંગના સાક્ષી બને એ માટેનું વિધિવત આમંત્રણ છે.




# મુંબઈની અન્ડર-૧૬ ક્રિકેટ ટીમમાં સ્થાન પામી જ્ઞાતિને ગૌરવ અપાવતી કુ.પલક ધરમશી






મુલુંડ (વેસ્ટ)માં સર્વોદય નગરની રહેવાસી પલક પ્રતિક ધરમશી મુંબઈ ક્રિકેટ એસોસિએશન (MCA)ની અંડર-૧૬ ટીમમાં સ્થાન પામી ક્રિકેટની રમતના ક્ષેત્રે મુલુંડનું નામ રોશન કર્યું છે.





ક્રિકેટની પરિભાષામાં કહીએ તો પલક એક ઉત્કૃષ્ઠ ઓલરાઉન્ડર છે. તે એક મિડીયમ-ફાસ્ટ જમણેરી બોલર હોવા ઉપરાંત એક સ્ટાઈલિશ જમણેરી બેટ્સવુમન પણ છે. ૨૫ જાન્યુઆરી ૨૦૦૫ના મુંબઈમાં જન્મેલી પલક મુલુંડની આર.આર.એજ્યુકેશન ટ્રસ્ટ સ્કુલના ૮મા ધોરણમાં અભ્યાસ કરે છે. તેણે પ્રવિણ તાંબે ક્રિકેટ એકેડેમીમાં જાણીતા લેગ સ્પિનર પ્રવિણ તાંબેના હાથ નીચે તાલીમ લીધી છે.



મુંબઈની સ્કૂલો વચ્ચે યોજાતી અનેક ઈન્ટરસ્કૂલ ટૂર્નામેન્ટ્સમાં પલકએ તેની શાળાનું પ્રતિનિધિત્વ કરી વિજય અપાવ્યો છે. તેના ઓલરાઉન્ડ પર્ફોમન્સને ધ્યાનમાં લઈ તે એમસીએની અન્ડર-૧૬ ટીમમાં સ્થા૧ન પામી છે. આ સિદ્ધિ માટે ક્રિકેટ કલબ ઓફ ઈન્ડિયામાં, મંગળવાર તા.૨જી માર્ચના ભારતની ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ કેપ્ટન દિલીપ વેંગસકરના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. આ ફંક્શનમાં હાલના ભારતના બેટીંગ કોચ સંજય બાંગર, રાહુલ જોહરી, ભુતપૂર્વ ક્રિકેટર કરશન ગાવરી, મિલીંદ રેગે ઉપસ્થિત રહ્યા હતા.

પોતાની આ ઉપલબ્ધિથી ઉત્સાહિત પલકે જણાવ્યું હતું કે વિરાટ કોહલીને તે પોતાનો આદર્શ માને છે. ક્રિકેટની રમતમાં સર્વોચ્ચ સ્તરે ભારતનું પ્રતિનિધિત્વ કરવાનું તેનું સપનું છે. એમસીએની અન્ડર-૧૬ ટીમમાં સ્થાન પામવા બદલ પલક ઉપર ચારે તરફથી અભિનંદનોની વર્ષા થઈ રહી છે.

# શ્રી અચલગચ્છ જૈન સંઘ મુલુંડ(પૂર્વ)માં ટ્રસ્ટી પદ નિયુક્તી

શ્રી અચલગચ્છ જૈન સંઘ મુલુંડ(પૂર્વ) શ્રી સુમતિનાથ જિનાલય શ્રી નવ કમલ વિવિધલક્ષી અચલગચ્છ જેન ભવન નવઘર રોડ હનુમાન ચોક મુલુંડ પૂર્વમાં છે. તા. ૧ એપ્રિલ ૨૦૧૯થી ૩૧ માર્ચ ૨૦૨૨ની નવી ટર્મ માટે ટ્રસ્ટમંડળની રચના થઈ. જેમાં મેનેજીંગ ટ્રસ્ટી શ્રી હેમચંદ મુરજી ગડા નાનારતડિયાની સાથે છ ટ્રસ્ટીઓની વરણી કરાઈ જેમાં જ્ઞાતિના શ્રી વીરચંદભાઈ ચાંપશી ઘરમશી (કોઠારા) મો.નં. ૯૮૨૦૦૮૨૭૪૫ અને શ્રી રાહુલભાઈ મેઘજી ધુલ્લા (સુથરી) મો.નં. ૯૮૨૨૧૪૮૧૪૫૦ નિયુક્ત થયા હતા. આગામી ભવિષ્યમાં શ્રી સંઘની પ્રવૃત્તિઓમાં સૌ સાથે મળી યોગદાન આપી જિન શાસનનું ધ્વજ કીર્તિવંત કરે એ જ અભિલાષા.



વીરચંદભાઈ ચાંપશી ઘરમશી (કોઠારા)



શ્રી રાહુલભાઈ મેઘજી ધુલ્લા (સુથરી)

# રામનવમી દિવસે સિંધોડી ગામે ગૌશાળાનું ઉદ્‌ઘાટન

તા. ૧૪ એપ્રિલ ૨૦૧૯ રવિવાર રામનવમીના પવિત્ર પર્વ દિને ગામ મોટી સિંધોડી મધે સ્થાનિક ગ્રામજનો દ્વારા ગૌશાળાનું શુભારંભ કરવામાં આવશે. હાલના દુષ્કાળના કપરા દિવસોમાં જીવદયાના કાર્યનું અનુમોદના કરવા શક્ય હોય તેટલા પ્રમાણે સૌ ઉપસ્થિત રહે એવું સિંધોડી જૈન મહાજન શ્રી દ્વારા આમંત્રણ છે. વધુ વિગત માટે સંપર્ક હર્ષાબેન શાહ-૯૮૬૯૨૪૮૩૦૩, હરીશભાઈ મોમાયા-૯૮૨૦૨૮૫૭૮૧, લહેરચંદભાઈ મૈશેરી-૯૮૨૧૪૮૫૫૭૫



## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | : Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | : Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | : ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of '**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**' (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# દેવલાલીમાં નવગ્રહ જિનાલય



દેવલાલીમાં શ્રી અનંત આરોગ્યનિધિ સંકુલમાં સુંદર શ્રી વિમલનાથ દાદાના નવગ્રહ જિનાલયનું નિર્માણ શ્રી નવલ-સદ્‌ગુણા પરિવાર દ્વારા કરવામાં આવેલ છે. જેનો પ્રતિષ્ઠા મહોત્સવ આગમ અભ્યાસી પ.પૂ. આ.ભ.શ્રી મહોદય સાગરસુરિ મ.સા. આદિઠાણાઓની નિશ્રામાં ધામધૂમથી ઉજવવામાં આવ્યો. સપ્તાન્હિકા મહોત્સવમાં સિદ્ધચક્ર આરાધના, વિમલનાથ પૂજન, નવગ્રહ વિશિષ્ટ પૂજન સહ પાટલા પૂજન, કુંભસ્થાપનાદિ તથા અઢાર અભિષેક, શાંતિસ્નાત્રનું ભવ્યાતિભવ્ય આયોજન થયેલ. મુંબઈ તેમજ નાસિક-દેવલાલી અને દેશાવરના શ્રાવક શ્રાવિકાઓએ પધારી મહોત્સવમાં તન-મન-ધનથી લાભ લીધેલ.

પ્રતિષ્ઠા પછી માતુશ્રી નવલબાઈ વિરચંદ વાલજી મોમાયા પરિવાર (સાંયરા) ઘાટકોપર તથા માતુશ્રી સદ્‌ગુણાબેન મુલચંદ હિરજી લોડાયા (બાંઢિયા) મુલુંડ પરિવારે જિનાલયની ચાવી ટ્રસ્ટને અર્પણ કરેલ. પ્રતિષ્ઠા માટે જિનાલયમાં મહાપૂજાનું આયોજન કરવામાં આવેલ જેમાં જિનાલયને દેવવિમાન તુલ્ય શૃંગાર સજાવવામાં આવેલ પુષ્પોથી જિનાલયને ભવ્ય-દિવ્યતા રીતે સજાવવામાં આવેલ.વિવિધ દાતાઓએ જિનાલયને આંગી-મુગટ-તોરણ એવં ઉપયોગી ઉપકરણ અર્પણ કરીને દર્શનપદની આરાધના કરી હતી. સહુ દાતા પરિવારોની હાર્દિક અનુમોદના શ્રી અનંત આરોગ્યાનિધી ટ્રસ્ટના નેજા હેઠળ અને મહોત્સવમાં આયોજન થયેલ.

# કોકિલ કંઠી-કચ્છ મંજલ રેલડીયાની પ્રજ્ઞા ચક્ષુ ગાયિકા શ્રીમતી અદિના મહેન્દ્ર ગાલા (ગાલાણી)






તા.૧.૩.૨૦૧૯ ને શુક્રવારે રાતે પ્રજ્ઞાચક્ષુ મહિલા સેવા કુંજ, સુરેન્દ્રનગરના પ્રમુખ નવીનભાઈ મણિયાર દ્વારા રંભા બિલ્ડીંગ ટેરેસ ગાર્ડન, નેપીયનસી રોડ મધ્યે આયોજાયેલ મેળાવડામાં વિદેશથી ખાસ પધારેલ મૂળ ઓસ્ટ્રીયાની પ્રજ્ઞાચક્ષુ અદિના જેણે મંજલ રેલડીયાના અનંત નિવાસ,મસ્જિદબંદરના મહેન્દ્ર ખીમજી ગાલા (ગાલાણી) જોડે લગ્ન કરેલ છે.



શ્રીમતી અદિના ગાલાણીએ બે રાઉન્ડમાં હિન્દી ગીતો લલકારેલ જેમાંનો પ્રથમ લોકપ્રિય ગાયિકા લતા મંગેશકરજીનો પ્રિય 'સત્યમ શિવમ સુંદરમ' તીણા, મધુર અને મુલાયમ સ્વરમાં પ્રસ્તુત કરેલ, રજનીગંધા ફૂલ તુમ્હારે અને ''જબ પ્યાર કિયા તો ડરના કયા'' ગીત ઉપર શ્રોતાઓ 'બહુત ખૂબ'અને વન્સ મોરથી ઓવારી ગયા.

શ્રીમતી અદિના,પતિ મહેન્દ્રભાઈ ખીમજી ગાલા (ગાલાણી) જેઓએ ૧૧વર્ષની ઉંમરે રોશની ગુમાવેલ.જેમણે એમ.એ. સુધીનો અભ્યાસ કરી ૧૫ વર્ષ એલ.આઈ. સી.માં નોકરી કરી ઇન્ટરનેટ માધ્યમે અદિના સાથે પરિચય કેળવી લગ્ન ગ્રંથિથી બંધાયા. હાલ તેઓ ઓસ્ટ્રીયામાં રહે છે. મહેન્દ્રભાઇના વડીલ બંધુ મણીકાંતભાઈ ખીમજી ગાલા અનંતનિવાસ ,મસ્જિદ બંદરમાં વસવાટ કરે છે.



શ્રીમતી અદિના કચ્છી ભાષા સમજી શકે છે .હિન્દી ઉપરાંત બંગાળી,મલયાલમ,મરાઠી ભાષાનાં ગીતો પણ લલકારે છે.

ઈશ્વરે બક્ષેલ ઇન્દ્રિયોની ઉપેક્ષા ન કરતાં જે મળ્યું છે તેને ઈશ્વરની દેન સમજી ગાયિકાની કળા વિકસાવેલ છે.તેઓ આ કાર્યમાં ઉત્તરોત્તર પ્રગતિ કરે એવી આપણે સૌ પરમપિતા પરમેશ્વરને પ્રાર્થના કરીએ. **– રમેશ લોડાયા**

# તીર્થધિપતિ મૂળ નાયક શ્રી ત્રિભૂવન તિલક પાર્શ્વનાથ પ્રભુ જયાં બિરાજમાન છે એવું માંડવી-કચ્છ સ્થિત શિવમસ્તુ સમવસરણ તીર્થનું નામકરણ મહિમા

**શિવમસ્તુ સર્વજગત : પરહિત નિરતઃ**
**ભવન્તુ ભૂત ગણાઃ દોષાઃ પ્રયાન્તુ નાશં સર્વત્ર સુખી ભવતુ લોકઃ**

જૈન શાસનમાં ખૂબજ આદરમાન પૂર્વક જનજનના મુખેથી બોલાતો ઉપરોક્ત શ્લોકમાં વિશ્વકલ્યાણની બહુજ ઉચ્ચ ભાવના સાથે સૌના સુખની ચિંતાનું ચિંતન સમાયેલું છે. ભગવાન શ્રી મહાવીર પરમાત્માએ પ્રકાશેલ સર્વજીવોની હિતકામનાની સર્વોચ્ચ ભાવનાની બહુ મૂલ્ય ભેટ આ શ્લોકના પ્રત્યેક શબ્દો અને વાક્યમાં ગુંથાયેલી છે.

શિવમસ્તુએ સંસ્કૃત શબ્દ છે. શિવ એટલે શિવ-શંકર નહીં. શિવમ્ તથા અસ્તુ એમ બે શબ્દો મળીને શિવમસ્તુ થયું છે. શિવમ્ એટલે કલ્યાણ, અસ્તુ એટલે થાઓ. આ રીતનો ભાવાર્થ છે. આ સંદૅભમાં જ આ તીર્થનું નામ શિવમસ્તુ સમવસરણ તીર્થ રાખેલ છે.

અત્રે કચ્છની બડભાગી ધરતી ઉપર સૌ પ્રથમ નિર્માણ પામેલું સમવસરણ જૈન મંદિર છે. તીર્થના તીર્થપતિ મૂળ નાયક શ્રી ત્રિભુવન તિલક પાર્શ્વનાથ પ્રભુ પણ ભારતભરમાં અમે સૌ પ્રથમ બિરાજમાન થયા છે. માંડવી નલિયા હાઈવે પર માંડવી નગર સ્થિત છે.

# શત્રુંજય એકેડમી આયોજીત શ્રી શંત્રુજય મુક્તિ સમ્યકજ્ઞાન અભ્યાસક્રમમાં જોડાવવા આમંત્રણ

જિન શાસનના સામાન્ય જ્ઞાનથી માંડીને સૂક્ષ્મ આત્મિક તત્વ-જ્ઞાનના રહસ્યોને સમજાવતા અભ્યાસક્રમમાં જોડાઈને મળેલી તકને વધાવી લેવા અભ્યાસક્રમમાં જોડાઈને મળેલી તકને વધાવી લેવા સહુને હાર્દિક આમંત્રણ છે.

●તપસ્વીરત્ન તપચક્રવર્તી અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ની શુભ આજ્ઞા એવં આશિર્વાદથી આગમ અભ્યાસી પ.પૂ.મુક્તિશ્રીજી મ.સા. તથા શાસન પ્રભાવિકા પ.પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા.ની દિવ્યકૃપાથી તથા પ.પૂ.સા. જયદર્શિતાશ્રીજી મ.સા.ની પ્રેરણા માર્ગદર્શનથી શ્રી શત્રુંજય મુક્તિ સમ્યકજ્ઞાન અભ્યાસક્રમ સફળતાપૂર્વક સાત વર્ષ કરી આઠમા વર્ષમાં પ્રવેશ કરી રહ્યું છે.

● ત્રણ વર્ષનો B.J. બેચલર ઓફ જૈનિઝમ આગળ બે વર્ષનો M.J. માસ્ટર ઓફ જૈનિઝમ અને આગળ D.J. ડૉક્ટર ઓફ જૈનિઝમ કરાવવામાં આવે છે. આજ સુધી અમને સારો એવો પ્રતિસાદ શ્રી ચતુર્વિધ સંઘ તરફથી મળેલ છે સાધુ-સાધ્વીજી ભગવંતો સાથે હજારો વિદ્યાર્થીઓને લાભ મળેલ છે. છેલ્લા વરસે બે સાધ્વીજી ભગવંત સહ ત્રણ વિદ્યાર્થીઓને લાભ મળેલ છે. છેલ્લા વરસે બે સાધ્વીજી ભગવંત સહ ત્રણ વિદ્યાર્થીઓએ ડી.જે.માં પ્રવેશ મેળવેલ છે.

● આપ જો હજી સુધી અભ્યાસક્રમમાં ન જોડાયા હો તો અવશ્ય જોડાઈને જીવન સફળ કરવા પ્રવેશ લઈ લેવા વિનંતી છે. પ્રવેશ ૧૫ માર્ચથી પ્રારંભથી પ્રારંભ થઈ ગયેલ છે. (ગુજરાતી તથા હિંદી માધ્યમ)

પ્રવેશ માટે સંપર્ક : Website : www.shatrunjayacademy.com

● સૌ કાશ્મીરાબેન લોડાયા (ઔરંગાબાદ ૦૨૫૦૨૩૩૬૪૭૫)

શિલ્પાબેન અજાણી (ઘાટકોપર -અંધેરી - ૯૮૨૧૧૧૩૩૩૮)

લતાબેન વિકમશી (મસ્જીદબંદર - ૯૩૨૩૯૪૪૧૧૭)

નીલીમા મેડમ (ચાલીસગામ - ૯૦૨૮૨૪૨૪૮૪)

# માતુશ્રી કુંવરબાઈ નરશી મહિલા ગૃહઉદ્યોગની કાર્ય સેવિકાઓનો મેડાવો યોજાયો



શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન સંચાલિત માતુશ્રી કુંવરબાઈ નરશી નાથા મહિલા ગૃહ ઉદ્યોગમાં પોતાની સેવા આપતી જ્ઞાતિની કાર્ય સેવિકાઓનો મેડાવો તા. ૨૮ માર્ચ ૨૦૧૯ ગુરૂવારના રોજ શ્રી અનંત નાથજી દેરાસર ઉપાશ્રય મસ્જિદબંદર સ્થળે સાંજે ૪ કલાકે યોજાયો.

જેમાં વર્ષ દરમ્યાન થયેલ કાર્યની વિશેષ છણાવટ કરવામાં આવી કુમઠા, વાલગીરી તેમજ કચ્છના મહાતીર્થોની અંદાજે ૨૫ જિનાલયોને જુહારવાનો અદ્દ્ભૂત પ્રસંગ લહાવો પ્રવાસ યાત્રાના સંસ્મરણોની યાદી તાજી કરાઈ



**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 9769991922**

**Read E-Paper @ www.kdosamastamahajan.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# માતુશ્રી કુંવરબાઈ નરશી મહિલા ગૃહઉદ્યોગની કાર્ય સેવિકાઓનો મેડાવો યોજાયો





અને યાત્રામાં સંલગ્ન થવાર બહેનાના અભિપ્રાયો સૌએ જાણ્યા.

મુંબઈ મહાજનશ્રીના અધિકારીઓ મહિલા ગૃહ ઉદ્યોગના અધિકારીઓ તથા શ્રી અનંત નાથજી દેરાસરના ટ્રસ્ટીશ્રીઓની ઉપસ્થિતિમાં દરેક મહિલા કાર્ય સેવિકાઓ જેઓએ એક વર્ષથી વધુની સેવા ગૃહઉદ્યોગમાં પ્રદાન કરી છે. તેઓને રૂા. પચાસ હજારની અરિહંત બેંકની ફિક્સ ડિપોઝીટ પાંચ વર્ષની મુદતની આપવામાં આવી. એપ્રિલ મહિનામાં રૂા. પચીસ હજાર ચેક દ્વારા વિશેષ બોનસ રૂપે આપવાની જાહેરાત કરાઈ. ઉપસ્થિત સૌને પ્રમુખશ્રી કલ્પેશભાઈ મોતા, મેનેજિંગ ટ્રસ્ટી લેરીનભાઈ ખોનાએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરતાં સૌને સારી સેવા પ્રદાન કરવા જણાવી તેમની મહેનત અને કાર્ય સેવાથી ગૃહઉદ્યોગની પ્રગતિ ઉતરોતર વધતી રહીએ ભાવના દર્શાવી હતી.

કાર્યક્રમ પૂર્ણ થયા બાદ ચૌવિહાર હાઉસમાં ચૌવિહાર હાઉસમાં ચૌવિહાર કર્યા બાદ સૌ બહેનો સ્વગૃહ જવા છૂટી પડી હતી. (માહિતી શ્રીઅજિત લોડાયા. માનદ મંત્રી માતુશ્રી કુંવરબાઈ નરશીનાથા મહિલાગૃહ ઉદ્યોગ મુંબઈ.)



# વાલવોડ તીર્થ ધ્યાન સાધના શિબિરને અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યો

ગુણ ગુણોદય કલાપ્રભ સૂરીની કૃપા અને કવિ-વીર-મહોદય સર્વોદયની કરૂણા વરસી અપરંપાર ઉદય ગુણ ગુરૂની નિશ્રા મળી અને વાલ વોડતીર્થમાં ધ્યાન સાધના શિબિરમાં ૧૪૨ સાધકો પધાર્યા. મુંબઈ-સુરત-વડોદરાના સાધકો મન મૂકીને સહભાગી થયા. સવારે ૫ થી રાતે ૮.૩૦ સુધી સાધના લાગલાગાટ ચાલી. રોજ સુગંધીત દ્રવ્યો યુક્ત પકવાનોથી શિબિરાર્થીઓની સધાર્મિક ભક્તિ થઈ. અનંત તીર્થંકરોની સાધનાના ગુરૂદેવ રહસ્ય સમજાવ્યા. ઘેઘૂર વૃક્ષ હેઠળ કાઉસગમાં સમવસરણ આદિ વિવિધ પ્રકારે સહુએ ધ્યાન કર્યા. સાધના માર્ગમાં ઉત્પન્ન થતી શંકાઓના આધ્યાત્મ યોગી ગુરૂદેવએ સમાધાન કર્યા. કચ્છી સાધકોની સ્વયં શિસ્તતા અને સમપર્ણતાના દર્શન થયા. મહીસાગર નદી તટે સાધનાથી પ્રાપ્ત થતી ઉર્જા સાધકોએ આનંદથી લીધી હતી.

બંસી લાલજી શ્રી શ્રી માળ (બાડમેર-નવસારી વાળા) પરિવારે દાતા બની લાભાર્થીનો લાભ લીધો. છેલ્લે પ્રત્યેક શિબિરાર્થીઓના હૃદયના ઉદગાર હતા કે ગચ્છ ગુરૂનો ડંકો વાગ્યો અને વિરલ પ્રસંગ થયો. અનુમોદના કાર.

# ૯૯ યાત્રા માટે મુંબઈથી યાત્રિકો માટે પ્રસ્થાન વિધિ

શંત્રુજય ૯૯ યાત્રા માટે પધારતા બાળકો-યુવાનોને ખાસ સૂચના

શુભદિવસ તા. ૧૧-૦૪-૨૦૧૯ ગુરૂવારના સવારના દેરાસર જઈ પ્રભુપૂજા/સ્નાત્રપૂજા/અષ્ટપ્રકારી પૂજા સ્વદ્રવ્યથી ઉછળતા ભાવે કરવી ત્યારબાદ ઉપાશ્રયમાં બિરાજમાન પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતોને વંદન કરવું. માંગલિક સાંભળવું વાસક્ષેપ લેવું.

પરત ઘર તરફ આવતા રસ્તામાં ગાયને ગોળ, કૂતરાને રોટલી, પક્ષીને ચણ તેમજ ગરીબને અનુકંપા દાન શક્તિ-ભાવના પ્રમાણે કરવું. સાંજે ૪.૩૦ કલાકે ચોવિહાર કરી લેવું. પછી પોતાના ઉપકારી દાદા દાદી માતાપિતા તથા વડીલોને ત્રણ ત્રણ પ્રદિક્ષિણા આપી. પગે લાગી એમના આર્શીવાદ લેવા. પરિવાર જનોએ ૯૯ના આરાધક તમારા લાડલાને બહુમાનપૂર્વક બેસાડી પસ ભરવું, કુંકુતિલક ચોખા, શ્રીફળ, વિધિ આજુ બાજુવાળાને પણ બોલાવવું. ઉછળતા ભાવે સાંજે ૫/૨૦૭, પ્રસ્થાન કરાવવું તે પહેલા નવકાર, ઉવસગ્ગહરં, લોગસ્સ સૂત્રનો ક્રમશ : ૩-૩ વખત પાઠ કરવું અને પ્રસ્થાન કરાવવું પછી સમય હોય તો આજુ-બાજુના ઘરમાં બેસાડવું! ટ્રેન રાત્રે ૯.૩૦ની બાંદ્રાથી છે. ૮.૩૦ બાંદ્રા આવી જવું. અન્ય રીતે આવતા હોય તેઓ પણ ઉપર મુજબ વિધિ કરવી.

# શ્રી શંખેશ્વર તીર્થે અક્ષયતૃતીયાદિને વર્ષીતપના પારણાનું આયોજન

તપ ચક્રવર્તી પ.પૂ. આચાર્ય ભગવંત શ્રી ગુણોદેય સાગરસૂરીશ્વરજી મ.સા.ના બાવનમાં વર્ષીતપનું પારણું તથા પ.પૂ. સાધ્વીજી શ્રી જી.મ.સા. નું કનકાવલી તપનું પારણું શંખેશ્વર મહાતીર્થ મધે તા. ૭ મે ૨૦૧૯ મંગળવાર દિને અક્ષયતૃતીય દિવસે રાખવામાં આવેલ છે. આ પાવન પ્રસંગે સર્વે મહાજનો તથા શ્રાવક, શ્રાવિકાઓને આ પ્રસંગે શંખેશ્વર મહાતીર્થ ખાતે પધારવા ભાવભર્યુ આમંત્રણ છે. કેટલાં જણ કયાં સંઘમાંથી આવો છો. તેની જાણ કરવા વિનંતી. સપંર્ક સૂત્ર બિપીનભાઈ ગાલા ૯૮૭૯૭૦૦૪૦૬, હીરાચંદ છેડા ભુજ ૯૮૭૯૩૫૭૨૪૬ તથા હીરેનભાઈ પોલડીયા મુંબઈ ૯૮૯૨૧૬૧૭૮૩.


જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5,500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# ખોના કુળગૌત્રનાં શ્રી સચ્ચાઈ માતાજીની નલિયા સ્થાનકે સમૂહ પહેડી

નલિયા નગર સ્થાનકે શ્રી ખોના કુળ ગૌત્રના શ્રી સચ્ચાઈ માતાજીના સ્થાનક ખોના ફળિયા નલિયા મધે નમતા-માનતા ભાવિક પરિવારોની માટે સમૂહ પહેડી આષાઠ સુદ આઠમ તા. ૯ જુલાઈ ૨૦૧૯ મંગળવાર રોજે ચઢતા પહોરે યોજાયેલ છે.

નલિયા જખૌ, સાંયરા, ગોઅરસમા, મંજલ રેલડિયા, મોટી ખાવડી વિગેરે ગામના પરિવારો શ્રી સચ્ચાઈ માતાજીની પહેડી પ્રસાદનો અમૂલ્ય લાભ લેવા આમંત્રણ છે.

આ પહેડી પ્રસંગે પધારનાર ભાવિકોએ નીચે જણાવેલ સંપર્ક નંબર પર જાણ કરે જેથી આયોજકોને ઉતારાની વ્યવસ્થા કરવામાં સુગમતા રહે. સંપર્ક નંબર પર શ્રી ચેતન માણેકચંદ્ર ખોના (ગોરેગાંવ)-૯૩૨૪૪૬૧૮૯૪ શ્રી ફાલ્ગુન લખમશી ખોના (ભાંડુપ)-૯૮૨૦૬૨૦૪૯૯, શ્રી લીતેશ હીરાચંદ ખોના (ડોંબિવલી)-૯૬૧૯૪૯૩૪૭૨, શ્રી ચીમનલાલ હીરજી ખોના (માટુંગા)-૯૮૨૧૦૬૯૨૫૫, શ્રી અમિત જેઠાલાલ ખોના-(ડોંબિવલી)-૯૩૨૧૭૦૫૫૧૧ તથા શ્રી લલિત કુંવરજી ખોના (નલિયા), શ્રી માતાજીના ભુવા-૯૪૨૮૨૬૩૨૮૭.

# શ્રી ચાલીસગામ નગરે પ્રતિષ્ઠા મહોત્સવ

શ્રી ચાલીસગામ નગરે નૂતન મૂળનાયક તીર્થાધિપતિ શ્રી પદ્મ પ્ર સ્વામિની પ્રતિષ્ઠાનો અષ્ટાન્હિકા મહોત્સવ રંગેચંગે ઉજવવામાં આવ્યો. કુંભસ્થાપન દીપક સ્થાપન જવારારોપણ પાટલા પૂજન, સહ શાંતિસ્નાત્ર ભણાવવામાં આવેલ. ટ્રસ્ટી મંડળ તરફથી શ્રી નમિઉણ પૂજન ભણાવવામાં આવેલ.

ચાલીસગામની નિયાણી બહેનોએ 'શ્રી ભક્તામર પૂજન' સહ સાધાર્મિક ભક્તિનો લાભ લીધો. અઢાર અભિષેક શ્રી સંઘ તરફથી રાખવામાં આવેલ. તપસ્વીરત્ન, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિ મ.સા.ના આજ્ઞાનુવર્તીની પ.પૂ. સંયમગુણાશ્રીજી મ.સા. પ.પૂ. જદર્શિતાશ્રીજી મ.સા., પ.પૂ.કલ્પપૂર્ણાશ્રીજી મ.સા., પ.પૂ.હર્ષનિધીશ્રીજી મ.સા. આદિ ઠાણાઓની શુભનિશ્રામાં પ્રતિષ્ઠા મહોત્સવ સાનંદ સંપન્ન થયો.

શ્રી પ્રભુ પદ્મપ્રભસ્વામિનો નગર પ્રવેશ, પોંખણા, પ્રતિષ્ઠા તથા ધ્વજાનો લાભ તથા પ્રતિષ્ઠા દિવસની ગામની નવકારસીનો અમુલ્ય લાભ માતુશ્રી મધુરીબાઈ ભવાનજી લોડાયા (કોઠારા) ચાલીસગામ/વિદ્યાવિહાર પરિવારે લીધો.

યુવા ટ્રસ્ટી મંડળે પ્રમુખશ્રી ઈન્દ્રેશભાઈ પોલડીયા નેતૃત્વ હેઠળ સુંદર સેવા આપી. શ્રી સંઘે આનંદ-ઉલ્લાસ અને ઉત્સાહથી મહોત્સવ માણ્યો. આજુબાજુના સંઘોએ મહોત્સવમાં પધારી અનેરો લાભ લીધો હતો. દ્વારોદ્‌ઘાટનનો લાભ માતુશ્રી નેણબાઈ મણીલાલ ધુલ્લા હસ્તે સૌ.નયના અશોક લાપસીયાએ લીધેલ. સહુ નાના-મોટા શ્રાવિકા બહેનો, ગૃહલક્ષ્મી મંડળ, પદ્મમુક્તિ વાત્સલ્ય નિધિ આદિ સહુએ પ્રસંગને દિપાવવા સારી જહેમત ઉઠાવી હતી.-


**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 9769991922**

**Read E-Paper @ www.kdosamastamahajan.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# આધ્યાત્મયોગી ગુરૂદેવ તથા યુવા મુનિશ્રીનો પાલીતાણા નગર પ્રવેશ યાત્રામાં જોડાવવાનું આમંત્રણ

અચલગચ્છાધિપતિના આજ્ઞાનુવર્તી આધ્યાત્મ યોગી ગુરૂદેવ શ્રી ઉદયરત્ન સાગરજી મસા. તથા યુવામુનિ ગુણવલ્લભ સાગરજી મ.સા. આદિઠાણાના સંભવિત વિહાર કાર્યક્રમ પ્રમાણે તા. ૧૨ એપ્રિલ શુક્રવારના પાલીતાણા નગરે પ્રવેશ કરશે. તેમજ તા. ૧૩ એપ્રિલ ૨૦૧૯ શનિવારના ૯૯ યાત્રાનો શુભારંભ છે.

સહુ યુવા યાત્રિકો, તેમના વાલીઓ, સંઘપતિ પરિવારો સહિત બધાજ ગુરૂભક્તને પરિવાર સહિત ગુરૂદેવના પાલીતાણા પ્રવેશ તેમજ પ્રથમ દિવસે યાત્રામાં સહર્ષ જોડાઈને આયોજનની શોભા અભિવૃદ્ધિ કરવા જરૂરથી પાલીતાણા તીર્થ પધારવાનું નમ્ર નિવેદન સહ નિમંત્રણ છે. સંપર્ક સૂત્ર ૮૮૭૯૯૮૯૭૮૭.

સિદ્ધાચલ મહાતીર્થ ગુણોદય ધામથી ગુણદેવ પુરમ છરી પાલિત સંઘ શુક્રવાર તા. ૧૨ એપ્રિલ ૨૦૧૯ બપોરે ૭.૩૦ થી ૯.૩૦ મુકામ કચ્છીભવન. બપોરે ૧૨ કલાકે તળેટીએ વિશિષ્ટ તીર્થ ભક્તિ ૯૯ યાત્રામાં સર્વે બાળકો-યુવાનોનું આગમન બપોરે ૨ થી ૫ પંડિત વર્ય શ્રી વિરલ નરેન્દ્ર છેડા (લાયજાવાળા) ઉર્મી સભર ભાવ સ્પંદના રૂપે શ્રી ઋષભ જિનેશ્વર પ્રીતમ પ્યારોનું ઉત્સાહ વર્ધક પ્રેરકગાન સાંજે ૬ થી ૭.૩૦ શ્રી ગિરીરાજ-જિનરાજ અને ગુરૂરાજની વિશિષ્ટ ભક્તિ ભાવના. તા. ૧૩ એપ્રિલ ૨૦૧૯ શનિવાર છરીપાલિત સંઘ ૩૫૦ યાત્રિકો ૯૯ યાત્રાના ૪૫૦ યાત્રિકો, સંઘપતિ ૨૫૦ પરિવાર અને ભારતભરથી પધારનાર મહેમાનો ૨૫૦ મળી કુલ ૧૩૦૦ નાનામોટા મળીને ગુરૂદેવની સંગાથે શ્રી ગિરીરાજની સ્પર્શના સવારે ૯.૩૦ થી ૧૧.૩૦ કલાકે તીર્થ ઉપર દાદાના દરબારે. શ્રી સંઘ માળ તીર્થ માળ બપોરે ૪ થી ૫. પૂજ્યશ્રીનું ઓજસ્વી ભાવવાહી પ્રવચન.

તા. ૧૨ એપ્રિલ થી ૩૦ મે આ દિવસો દરમ્યાન જરૂર પરિવાર સહિત પધારજો અને ગુરૂવંદના, ગુરૂભક્તિ, ગુરૂવાણીનો સુંદર સંગ માણજો.


**જ્ઞાતિમૈયા માં**

**આપની કોઈપણ મેટર અથવા જાહેરાત મોકલો**

Email Id : gyatimaiya2018@gmail.com

Email Id : mahajansamast@gmail.com

Website : www.kdosamastamahajan.org

**અથવા વૉટ્સએપ પર મોકલો**

**9769991922**

**9820302853**

**9322257731**



# સગપણ સેતુ



શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન-જ્ઞાતિમૈયાના માધ્યમથી જ્ઞાતિના લગ્નોત્સુક યુવક-યુવતીઓને યોગ્ય પાત્ર મળે એ માટે શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈની સગપણ સેતુ સમિતિના સહકાર સહયોગથી સગપણ સેતુ નામથી વિભાગ શરૂ કરેલ છે.

આસુવિધાનોલાભલેવાજ્ઞાતિજનોપોતાનોસંપૂર્ણબાયોડેટા-ફોટાસાથે કન્વીનર મનીષા લાલકા(૯૮૨૦૫૪૫૭૩૪), જલ્પા લોડાયા(૯૮૬૭૬૧૫૯૧૩), જસ્મીન સાયલા, જસ્મીન ધુલ્લા. કલ્પેશ લોડાયા, હિતેશ નાગડા, રિતેશ ખોના, પ્રગ્નેશ નાગડા, વર્ષા લોડાયાનો સંપર્ક કરવો.



**Name :** Nilesh Chandrakant Lodaya
**Date of Birth :** 2nd September, 1987
**Birth Time :** 5.00 am
**Birth Place :** Dombivli, Thane
**Rashi :** Scorpio (Virgo)
**Mangal / Shani :** No
**Height :** 5'7"
**Address :** House No. 304, Sagar Krupa Building, G. G. Road, Jai Hind Colony, DombivliWest - 421202.
**Mobile No. :** 9768454356
**Email ID :** nileshlodaya87@gmail.com
**Education :** MBA (Finance) United Business Institute, Brussels, Belgium, UK-2012.
B.Com. Mumbai University-2008
**Work Details :** Working with eClinicalWorks India Pvt. Ltd. (ECW), Mumbai.
**Post :** Audit Executive – Finance
**Family Details**
**Native Place :** Moti Khavdi
**Father's Name :** Chandrakant Hemraj Lodaya Business of whole spices& dry fruits.
**Mother's Name :** Madhuben Chandrakant Lodaya (House Wife)
**Brother's Name :** Rakesh Chandrakant Lodaya (Job in a shipping co.)
**Brother's Wife Name :** Ursula Rakesh Lodaya (House Wife)
**Grand Parents :** Late GomabenHemrajLodaya (Moti Khavdi)
**Maternal Grand Parents :** Late DhanbaiKesavji Malde (Daltungi)

Gyatimaiya KDO Mahajan Code No. B-24



**Name :** Charul Prafull Shah (Lodaya)

**Birth Time :** 2.10 AM

**Place :** Mulund, Mumbai

**Height :** 4'11"

**Weight :** 89 kgs

**Date Of Birth :** 12th Feb., 1986

**Educational Qualifications :** BBM & LLB

**Occupation :** Journalist with Hindustan Times

**Native Place :** Kothara (Kutch)

**Married Information :** Divorce

**Family Background**

**Grand Father :** Murjibhai Narshi Lodaya

**Father :** Prafull Murjibhai Lodaya

**Mother :** Nayana Prafull Loadaya

**Brother :** Ankit Prafull Lodaya

**E-mail :** chaarulshah@gmail.com

Gyatimaiya KDO Mahajan Code No. G-24

નોંધ : જે પાત્રો સગપણ સંબંધે જોડાય તેઓ અમને જાણ કરે જેથી અમે અમારા રેકોર્ડમાં સુધારો કરી શકીએ.

# કોચીનમાં પાંજરાથી મુક્ત કરાયા પક્ષીઓ

કોચીનમાં રસ્તા ઉપર માલિક વગરના નણધણીયાતા પાંજરામાં પુરાયેલા પક્ષીઓ મળ્યા. લગભગ ૧૦ નાના પક્ષીઓને કોડનાડ ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટના અધિકારીઓને એમની દેખરેખ હેઠળ મુક્ત કરવા માટે જૈન ફાઉન્ડેશન મુકેશ માણેકજી લોડાયા દ્વારા સોંપવામાં આવ્યા.

– લિ.ભાવના મુકેશ લોડાયા









ISO 9001:2015

INSURANCE SERVICES

CERTIFIED COMPANY

You're safe in our hands.

SINCE 1977

**Bipin Nagda**

**Insurance & Financial Services**

**An ISO 9001:2015 Certified Co.**

**India's Leading Agent**

682, Ajanta Compound, Bhiwandi.

Tel.02522-232190/231411/254011

**Mob. : 9323525000**

Email : bipinpnagda@gmail.com,

Web. : www.bipinnagda.com

**VEENA NAGDA BOLLYWOOD MEHENDI QUEEN ACADEMY**

મેહંદી ના ઓર્ડર પર લઈ જવા માં આવશે.

**CERTIFICATE COURSE**

40 Years Experience in Mehendi

All Types of Mehendi & Personality Development

- Basic
- Floral
- Cutwork
- Movie Mehendi
- Figure
- Western
- Portrait

Etc.

Special Discount KDO



**BATCH IS STARTING FROM 2ND JAN2019**

For Inquiry & Admission Time : 11 am to 4 pm

Working Women's Special Batch on Sunday

**OUT OF MUMBAI,INQUIRIES ALSO AVAILABLE.**

Add : 52,Anant Niwas,Third floor,
Bhat Bazar,N.N.Street,
Masjid Bunder(W),
Near Railway Station,
Above E.H.kathawala

Call : 9820431717 / 9920641717

Email : veenanagda17@gmail.com

Special Discount For S.S.C

We also book bridal & party orders

www.veenabollywoodmehendi.com



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● કચ્છ એસ.ટી.નો સૌથી લાંબો રૂટ રાપર નારાયણ સરોવરનો છે. જે આઠ તાલુકામાં પસાર કરી રોજ ૩૮૨ કિ.મી.ની સફર ખેડે છે. સાંજે પાંચવાગે આ બસ નારાયણ સરોવરથી પંદરેક કિ.મી. પૂર્વે નવ નંબરની પાપડી પાસે પહોંચે છે. ત્યારે બસ ઊભી રહેતાં પક્ષીઓ કોલાહલ કરી મૂકે છે. કારણ કે એસ.ટી. બસના ડ્રાઈવર-કંડક્ટર કાગડાઓને ગાંઠિયા ખવડાવે છે. નોળિયાને જલેબી ખવડાવે છે. દાતાઓએ બનાવી આપેલા ઓટલા પર પક્ષીઓ માટે ચણ પાથરે છે. આ રૂટમાં વર્ષથી ચાલતા ડ્રાઈવર અને કંડક્ટર વર્ષોથી આ સેવા કરે છે. દાતાઓ મળી રહે છે. છતાં જો ક્યારે ક દાતા ન મળે તો ગાંઠના પૈસા ખર્ચી ને પણ એસ.ટી. કર્મીઓ જીવદયાની પ્રવૃતિ અવિરત પણે સતત ચાલુ રાખી છે.

● એમ.એસ.યુનિવર્સિટી વડોદરા ખાતે રાજ્ય કક્ષાની ભૌતિક વિજ્ઞાનના પ્રયોગની સ્પર્ધા યોજાઈ હતી. જેમાં ભુજની સેન્ટ એન્ડ્રુઝ સ્કૂલના બે વિદ્યાર્થી ભવ્ય હસમુખ ઠક્કર અને માર્ક વોલ્ટર ફ્રાન્સીએ યંગ મોડ્યુલ્સ અને હુકસ લો વિષય પર પ્રયોગ રજૂ કરીને સમગ્ર રાજ્યમાં બીજો ક્રમાંક મેળવ્યો હતો. આ બંન્ને વિદ્યાર્થીઓ રાજ્યનું પ્રતિનિધિત્વ કરતા બન્ને આગામી દિવસોમાં દિલ્હી ખાતે રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં પોતાનું કૌશલ્ય દેખાડશે.

● ખાવડાની અબ્દુલ ઈબ્રાહીમ કુંભાર પરંપરાગત માટીના પાત્રોને ખાસ પ્રક્રિયા વડે અંદરના ભાગે ચમકતા બન ાવે છે. અગાઉ તેઓ સાદા જ માટી પાત્રો તૈયાર કરતા. પરંતુ કચ્છના રણ ઉત્સવ દરમ્યાન કચ્છમાં આવતા મુલાકાતીઓની ચમકતા વાસણોની માંગ કરાતી હોઈ ગ્લેઝડ માટી પાત્રો બનાવવા માટે જહેમત પૂર્વક સંશોધન કરી કૌશલતા વિકસાવી આવા વાસણો તૈયાર કર્યા છે. સામાન્ય માટી પાત્રો કરતાં આ ચમકતાં પાત્રો જે અંદરથી કાચના હોય તેવા ભાસે છે. મોંઘા પડે છે પણ ગ્રાહકો પસંદ કરે છે. માટીના વાસણોની સફાઈમાં ગૃહિણીઓની જે હાલાકી ભોગવે છે. એ આ વાસણોમાં રહેતી નથી. તેથી સફાઈ ખૂબ ઝડપથી જ થાય છે.

● અંજારમાં હાડકાંની ઘનતા માપવાનો નિઃશુલ્ક નિદાન શિબિર માતૃ સ્પર્શ ઓર્થોપેડિક હૉસ્પિટલ દ્વારા યોજાયો હતો. જેનો ૨૧૦ દર્દીઓએ લાભ લીધો હતો. રૂા. ૧૫૦૦માં થતો રિપોર્ટ રોગનું નિદાન બી.એમ.ડી અને એક્સરે ફ્રીમાં કરી આપવામાં આવ્યા હતા. હાડકાં નિષ્ણાત ડૉ.પીયૂષ એમ. પટેલ સેવા આપી હતી.

● કચ્છના સોદ્રાણાના શહેનશાહ હજરત હાજીપીર વલીની મજાર રણ વિસ્તારમાં છે. મુંદ્રા હાજીપીર રૂટની બસ સવારના દસ વાગ્યાની આસપાસ હાજીપીર પાસેના સોદ્રાણા તળાવ પાસે પહોંચે એટલે ૨૦૦ જેટલા કાગડા કલશોર કરતા ઊડાઊડ કરી તેને વધાવે. આ બસના ડ્રાઈવર કાગડાને પાઉ, ગાંઠિયાને જલેબી ખવરાવી ત્યાર બાદ આગળ વધે. છેલ્લાં ત્રણ વર્ષથી આ નિયમિત રીતે સેવા પ્રવૃતિ તેઓ દ્વારા થાય છે. જેમાં ભુજથી મુસ્તાક રોટીવાલા પાઉ આપે, મંજલના રમેશભાઈ ભાવસાર ગાંઠિયા તો નખત્રાણાનાં જેન્તી સોની જલેબી આપે. જેનું વિતરણ આ ડ્રાઈવર-કન્ડક્ટરની જોડી આ કાગ મંડળીને કરે.

● કચ્છના સિદ્ધહસ્ત ગુજરાતી સાહિત્ય સર્જક કચ્છના વીનેશ અંતાણીને વર્ષ ૨૦૧૮નો ટ્રાન્સલેશન એવોર્ડ સાહિત્ય અકાદમી દિલ્હી દ્વારા જાહેર કરાયો છે. હિન્દી ભાષામાં સુપ્રદ્ધિ સર્જક સ્વ. નિર્મલ વર્માની સાત દીર્ઘ નવલિકાઓના ગુજરાતી અનુવાદ માયાદર્પણ  માટે અપાયો છે.

# જખૌ યુવામંચ આયોજિત એકદિવસીય યાત્રા કમ પિકનિકનું આયોજન

જખૌ યુવા મંચ આયોજિત ૧ દિવસીય યાત્રા કમ પિકનીક તા. ૨૮ એપ્રિલ ૨૦૧૯ રવિવારના સરગમ વોટરપાર્ક કામણ વસઈની આયોજિત કરેલ છે. જેમાં જખૌ ગામવાસીઓ અને નિયાંણી બહેનોને જોડાવવાનું સહર્ષ આમંત્રણ છે. સમગ્ર યાત્રાનું ટાઈમ શેડયુલ નીચે પ્રમાણે છે.

સવારે ૬.૩૦ કલાકે ઘાટકોપર-શ્રેયસ સિનેમાં પાસેથી સ્ટાર્ટ થઈ પીક પોઈન્ટ હુમા ટોકિઝ કાંજુરમાર્ગ, અનંત સિદ્ધિ, ભાંડુપ, નિર્મલ લાઈફ સ્ટાઈલ મુલુંડ, મુલુંડ ચેકનાકા અને માજીવાડા થઈને આગળ વધશે ૭.૩૦ કલાકે કાસરવડવલી શંખેશ્વર ધામ તીર્થના દર્શન, સવારે ૮.૧૫ કલાકે લોઢાધામ તીર્થ દર્શન, ૯ કલાકે સરગમ વોટરપાર્કમાં આગમન સવારે ૯.૧૫ કલાકે ચા-નાસ્તો તથા ઓળખ વિધિ, સવારે ૧૦ થી સાંજે ૫ પર્યંત વોટરપાર્કમાં મનોરંજન, મસ્તી અને ગેમનો લ્હાવો સાથે લંચની લિજ્જત. સાંજે ૫.૩૦ કલાકે નાસ્તાા સંગે હાઈ ટી વિરામ, ૬.૩૦ કલાકે કામણ તીર્થ દર્શન સમયમાં શક્ય હશેતો આરતી દર્શન, રાતે ૮.૩૦ કલાકે મુંબઈ તરફ પ્રયાણ.

યાત્રા શૂલ્ક પ્રતિ વ્યક્તિ દીઠ રૂા. ૫૦૦, ત્રણ ફૂટ કદ સુધીના બાળકો નિઃશુલ્ક. યાત્રા શૂલ્કમાં નોન એસી બસ દ્વારા પ્રવાસ, જૈન નાસ્તો લંચ-સાંજે ચા-નાસ્તો સર્વે બુફે પદ્ધતિથી. વોટરપાર્કમાં લોકર ભાડું, સ્વીમીંગ સૂટ ભાડું અને અન્ય અંગત ખર્ચ જે પોતાની રીતે કરવાનું રહેશે. પેમેન્ટ રોકડા અથવા પેટીએમ દ્વારા આયોજકો યાત્રા પ્લાન પૂર્વ સૂચના વગર સમય આવશ્યકતા મુજબ બદલાવી શકશે. વધુ વિગત માટે સંપર્ક જિજ્ઞેશ શાહ થાણા મો.નં. ૯૮૭૦૨૪૮૭૯૬, તેજસ ખોના ભાંડુપ ૮૦૯૭૪૬૬૪૨૪.


## જ્ઞાતિમૈયાના જૂના અંકો જોવા-વાંચવા માટે જુઓ

## www.kdosamastamahajan.org



આમાં છેલ્લામાં છેલ્લો અંક ઉપરાંત અગાઉના બધા અંક જોવા-વાંચવા મળશે પીડીએફ નકલ ડાઉનલોડ કરી પ્રિન્ટ હાથ વગી કરી શકશો

# જીવન ઘટમાળ

## • જન્મ •

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦-૦૪-૨૦૧૯ | ઈંદોર (ખીરકીયા) | અદિતી ખુશ્બુ જીગ્નેશ નાગડા | લાલા | પુત્રી |

## • જ્ઞાતિ સગપણ •

| | | | | |
|---|---|---|---|---|
| ૨૪-૦૩-૨૦૧૯ | ડોંબિવલી | પ્રતિક હિંમત ધનજી લાપસિયા | દલતુંગી | ૩૧ |
| | ડોંબિવલી | નેહલ શાંતિલાલ વિસનજી | સાંધવ | ૩૧ |
| ૨૪-૦૩-૨૦૧૯ | આદિપુર | કારણ લલિત વિરચંદ સાંયા | સુજાપર | ૨૮ |
| | ડોંબિવલી | જીનલ મનીષ ગોવિંદજી ભેદા | વારાપધ્ધર | ૨૨ |
| ૦૬-૦૪-૨૦૧૯ | ડોંબિવલી | સાગર ગુલાબચંદ નારણજી લોડાયા | સાંધવ | ૨૭ |
| | અહમદનગર | ગુંજલ કિરણ નાગશી નાગડા | કોઠારા | ૨૪ |
| ૦૬-૦૪-૨૦૧૯ | ડોંબિવલી | દિપેશ લહેરચંદ વિસનજી છેડા | સુથરી | ૨૪ |
| | ડોંબિવલી | ક્રિષા ધીરેન હીરજી લોડાયા | સુજાપર | ૨૨ |
| ૦૬-૦૪-૨૦૧૯ | સાયન | ધવલ નિલેશ કરમશી વિક્રમશી | જખૌ | ૩૧ |
| | માટુંગા | ધ્વનિ ચંદ્રેશ વસનજી સાંયા | સુજાપર | ૨૯ |
| ૦૭-૦૪-૨૦૧૯ | કોઠારા | વિવેક વિનોદ ગોવિંદજી મોતા | મોટી ધુફી | ૨૪ |
| | અંબરનાથ | રોશની હીરાચંદ પદમશી લોડાયા | કોઠારા | ૨૦ |

## • આંતરજ્ઞાતિ સગપણ •

| | | | | |
|---|---|---|---|---|
| ૨૩-૦૩-૨૦૧૯ | શીવરી | દેવાંગ હિતેશ હરસુખલાલ શાહ | અંજાર | ૩૫ |
| | વડાલા | જેન્નીશા ખીરેશ ગુલાબ ભાટે(ધરમશી) | સુથરી | ૨૬ |
| ૦૬-૦૪-૨૦૧૯ | મુલુંડ | ચિંતન નરેન્દ્ર રાયચંદ શાહ (ધરમશી) | જસાપર | ૩૪ |
| | મુલુંડ | પૂજા પ્રવીણ કુંવરજી સાવલા | નાની તુંબડી | ૩૧ |
| ૦૬-૦૪-૨૦૧૯ | બોરીવલી | સની દેવેન્દ્ર અમીચંદ શાહ | જાલોર | ૨૯ |
| | મુલુંડ | કોનિકા ધર્મેશ હંસરાજ મોમાયા | સુથરી | ૨૪ |
| ૦૬-૦૪-૨૦૧૯ | વાશી | ધૈર્ય દિપક કુંવરજી ધરમશી | કોઠારા | ૨૮ |
| | વાશી | ફોરમ ગિરીશ શાંતિલાલ મહેતા | મોરબી | ૨૪ |
| ૦૬-૦૪-૨૦૧૯ | ડોંબિવલી | ગૌરવ મુકેશ નારાણજી મોમાયા | સુથરી | ૨૭ |
| | ડોંબિવલી | પ્રજ્ઞા ઉમેશ વ્યંકટેશ યેનગુલ | ગોવા | ૨૭ |

## • આંતરજ્ઞાતિ લગ્ન •

| | | | | |
|---|---|---|---|---|
| ૨૫-૦૧-૨૦૧૯ | તિલકનગર | યશ નીતિન પ્રેમજી ખુથિયા | બેરાજા | ૨૯ |
| | તિલકનગર | ઝરણા સંજય રજનીકાંત લોડાયા | નાની ખાવડી | ૨૧ |

## • છુટા છેડા •

| | | | | |
|---|---|---|---|---|
| ૩૦-૧૧-૨૦૧૮ | મલાડ | મિહીર લક્ષ્મીચંદ હીરજી શાહ (લોડાયા) | સુજાપર | ૩૫ |
| | ખીરકીયા | પૂજા રૂપચંદ ભવાનજી નાગડા | લાલા | ૩૫ |

## • મરણ •

| | | | | |
|---|---|---|---|---|
| ૦૪-૦૪-૨૦૧૯ | રાપર | મણિલાલ પદમશી નાગડા | રાપર | ૬૯ |
| ૦૫-૦૪-૨૦૧૯ | ધુલીયા | શરદ ઠાકરશી ગોસર | ગોએરસમા | ૭૧ |
| ૦૬-૦૪-૨૦૧૯ | ડોંબિવલી (પ) | ખમાવંતી સોભાગ લોડાયા | નલિયા | ૬૨ |

# NOW SAVE UPTO 99%#
# ON PREMIUM OF YOUR COMMERCIAL VEHICLES*

## (ZERO DEP COVER ALSO AVAILABLE)



# VALID TILL 31/03/2019

* T&C APPLY

insurancekhoj.com™

**the ultimate stop for insurance** ™

Yashodhan Karani – 9821137737 ♦ Deepak Karani - 9821082664

# karani

insurancekhoj@gmail.com ◆ 9004999900

# 404, BPS PLAZA, DEVIDAYAL ROAD, MULUND (WEST), MUMBAI - 400 080.

**MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL**

KDO

Gyatimaiya
Weekly E-magazine

KDO